ગુજરાત અર્બન કો.ઓપ. બેન્કસ ફેડરેશન
કો.ઓપ. બેન્કસ ભવન, જય હિંદ પ્રેસ ની બાજુમાં,
આશ્રમ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૯

તારીખ : ૨-૧૨-૨૦૦૨

ક્રમાંક : જીયુસીબીએફ/૨૮/૪૨૬

પ્રતિ,

---------------------------
---------------------------
---------------------------

મહોદય,

વિષયઃ ગુજરાત રાજ્ય સહકારી કાયદા ૧૯૬૧ ની કલમ ૯૫, ૧૫૯, અને ૧૬૧ હેઠળ સહકારી મડળીઓનાં રજીસ્ટ્રારશ્રીને મળેલ સત્તાઓનાં હસ્તાંતર તથા તે અન્વયે સહકારી બેંકોમાં વસુલાતનાં કાર્ય માટે 'વસુલાત અધિકારી' તથા 'વેચાણ અધિકારી' ની નિમણુંક કરવા બાબત.

સંદર્ભઃ
૧) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧ ની કલમ : ૧૫૯ નિયમ : ૯૬ થી ૧૩૬
૨) ગુજરાત રાજ્યાના ગેઝેટ દ્વારા થયેલ ઓર્ડરને GHKH : ૮૦-૨૦૦૨ -NSB-૧૬-૨૦૦૨-૩૮૭૫-CH (૧) તા. ૭/૧૦/૦૨
૩) ગુજરાત રાજ્યનાં ગેઝેટ દ્વારા થયેલ નોટીફીકેશન નં. GHKH-૮૧-૨૦૦૨-NSB-૧૬-૨૦૦૨-૩૮૫૭ CH (૨) તા. ૭/૧૦/૦૨
૪) ગુજરાત રાજયના ગેઝેટ દ્વારા થયેલ નોટીફીકેશનનાં GHKH-૮૨-૨૦૦૨-૧૬-NSB-૨૦૦૨-૩૮૭૫ CH (૩) તા. ૭/૧૦/૦૨

જયભારત સહ રાજ્ય સરકારના એગ્રીકલ્ચર અને કો-ઓપરેશન ડીપાર્ટમેન્ટ તરફથી તા.૭/૧૦/૦૨ ના રોજના સરકારી ઠરાવથી ગુજરાત કો-ઓ. સોસાયટીઝ એકટ, ૧૯૬૧ ની કલમ ૯૫,૧૫૯ અને ૧૬૧ હેઠળ રાજયના સહકારી મંડળીઓના રજીસ્ટ્રારશ્રીને મળેલ સત્તાઓ નીચે જણાવ્યા મુજબ હસ્તાંતર કરવામાં આવેલ છે.

(૧) સરકારી ઠરાવ નંબર : જી.એચ.કે.એચ.-૮૦-૨૦૦૨-એમ.એસ.જા.-૧૬-૨૦૦૨-૩૮૭૫-સી.એચ (૧) તથા ઠરાવ નંબર જી.એચ.કે.એચ-૮૧-૨૦૦૨-એન-એસ-બી.-૧૬-૨૦૦૨-૩૮૭૫-સી.એચ. (૨) તા. ૭/૧૦/૦૨ થી સહકારી કાયદાની કલમ ૧૬૧ હેઠળ રાજ્ય સરકારને જાહેરનામુ બહાર પાડવાની મળેલ સત્તાની રૂઇએ, સહકારી કાયદાની કલમ-૯૫ પેટા કલમ (૧) અન્વયે નીચે જણાવેલ ત્રણ સંસ્થાઓને સંયુકત મંડળ (ફેડરલ સોસાયટી) તરીકેની માન્યતા આપેલ છે.

(એ) ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ બેંક લી.

(બી) તમામ જીલ્લા સહકારી બેંક

(સી) ગુજરાત અર્બન કો.ઓ. બેંક્સ ફેડરેશન

તેમજ કલમ ૧૬૧ હેઠળ ઉપરોક્ત ત્રણેય સંયુક્ત મંડળીઓને તેમની સભ્ય સંસ્થાઓ સુપરવીઝન માટે પણ માન્યતા આપવામાં આવેલ છે.

(૨) સરકારી ઠરાવ નંબર જી.એચ.કે.એચ.-૮૨-૨૦૦૨-એન.એસ.બી.-૧૬-૨૦૦૨-૩૮૭૫-સી.એચ. (૩) તા. ૭/૧૦/૦૨ થી સહકારી કાયદાની કલમ ૧૬૨ હેઠળ રાજ્ય સરકાર જાહેરનામુ પ્રસિધ્ધ કરીને, રજીસ્ટ્રારશ્રી તમામ અથવા કોઇ સત્તા કલમ-૯૫ મુજબ રચયેલ કોઇ સમિતી અથવા માન્ય કરેલ કોઇ સમવાયી સહકારી મંડળીને સોંપી શકે છે. તદ્નુસાર સહકારી કાયદાની કલમ ૧૫૯ હેઠળ ધીરાણની એકંદર રકમ વ્યાજ તેમજ ખર્ચાઓની વસુલાત માટે રજીસ્ટ્રારશ્રીને મળેલ સત્તાઓ નીચે નિર્દિષ્ટ કરેલ સમવાયી સંસ્થાઓના ચીફ એકઝીક્યુટીવ ઓફીસર / સેક્રેટરીને સોંપવામાં આવેલ છે.

| અ.નં. | અધિકારી | સહકારી સમવાયી મંડળી |
|---|---|---|
| ૧ | ચીફ એકઝીક્યુટીવ ઓફીસર | ધી ગુજરાત સ્ટેટ કો-ઓ. બેંક લી. |
| ૨ | ચીફ એકઝીક્યુટીવ ઓફીસર | જીલ્લા સહકારી બેંક લી. |
| ૩ | સેક્રેટરી | ધી ગુજરાત સ્ટેટ કો-ઓપ. અર્બન બેંક્સ ફેડરેશન લી. |

આમ, સહકારી કાયદાની કલમ-૯૫ હેઠળ (૧) ગુજરાત રાજ્ય સહકારી બેંક લી. (૨) તમામ જીલ્લા સહકારી બેંકો તેમજ (૩) ગુજરાત અર્બન કોઆપરેટીવે બેંક્સ ફેડરેશન ને સમવાયી સહકારી સંસ્થાઓ તરીકે માન્યતા આપેલ છે તેમજ કલમ-૧૬૧ હેઠળ આ ત્રણેય સંસ્થાઓ ને તેમની સભ્ય સંસ્થાઓના સુપરવીઝન અંગેની પણ માન્યતા આપવામાં આવી છે. જ્યારે કલમ-૧૫૯ હેઠળ ઉપરોક્ત ત્રણેય સમવાયી સંસ્થાઓના મુખ્ય વહીવટી અધિકારીશ્રીઓને, સહકારી કાયદાની કલમ-૧૫૯ અન્વયે રજીસ્ટ્રારશ્રીથી, અથવા તેમના તાબાના અને આ હેતુસર અધિકૃત કરેલ અધિકારીઓને મિલ્કતોની જપ્તી અને વેચાણ દ્વારા વસુલાત કરવા અંગેની જે સત્તાઓ મળે છે, તે તમામ સત્તાઓ સુપ્રત કરવામાં આવી છે. આ અનુસંધાને ગુજરાત અર્બન કો.ઓ. બેંક્સ ફેડરેશનના સેક્રેટરી નાગરીક સહકારી બેંકોના હુકમનામા મેળવતા બેંકના મુદતવીતી લેણાં વસુલ કરવા અંગે સહકારી કાયદાના જાણકાર અને સક્ષમ અધિકારીઓની ''સ્પેશ્યલ રીકવરી ઓફીસર'' (એસ.આર.ઓ.) તથા સેલ ઓફિસર (એસ.ઓ.) તરીકે નિમણુંક કરી શકે છે. આ અંગે જે તે બેંકની બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મીટીંગમાં મુખ્ય વહીવટી અધિકારી અગર તો તેઓએ નક્કી કરેલ વ્યક્તિની સ્પે. રીકવરી ઓફીસર (વસુલાત અધિકારી) તરીકે તથા સેલ ઓફીસર (વેચાણ અધિકારી) તરીકે નિમણુંક કરવા અંગેનો જરૂરી ઠરાવ કરીને ફેડરેશન ના સેક્રેટરી સમક્ષ માંગણી કરવાની રહે છે.

વધુમાં ઉપરોક્ત જાહેરનામાથી નિર્દિષ્ટ કરાએલ અન્વયે સમવાયી મંડળીઓના મુખ્ય વહીવટી અધિકારી / સેક્રેટરીને સહકારી કાયદાની કલમ ૧૫૯ પ્રમાણે નીચે જણાવેલ અધિકારી મળે છે.

(એ) દિવાની કોર્ટના હુકમનામા અથવા હુકમ મુજબ લેણી થતી કોઇ રકમ

(બી) રજીસ્ટ્રારના તેમણે નિયુક્ત કરેલી વ્યક્તિના અથવા નિયુક્ત કરેલી વ્યક્તિઓના બોર્ડના અથવા લિક્વિડેટરના અથવા ટ્રિબ્યુનલના નિર્ણય, ચુકાદા અથવા હુકમ મુજબ લેણી થતી કોઇ રકમ.

(સી) આ અધિનિયમ મુજબ ખર્ચ તરીકે અપાયેલી કોઇ રકમ.

(ડી) મંડળીની અસ્કયામતના ફાળા તરીકે આ અધિનિયમ મુજબ આપવા ફરમાવેલી કોઇ રકમ, એવી, રકમ ઉપર લેણું થતું વ્યાજ હોય તો તે અને જે વ્યક્તિ સામે એવું હુકમનામું,'નિર્ણય, ચુકાદો અથવા હુકમ મેળવવામાં આવ્યો હોય અથવા કરવામાં આવ્યો હોય તે વ્યક્તિની મિલ્કતની જપ્તીથી અને વેચાણથી અથવા જપ્તી સિવાયના વેચાણથી તે વસુલ કરવાના ખર્ચ સહિત વસુલ કરી શકશે.

આમ, સહકારી કાયદાની કલમ ૯૫, ૧૫૯ તથા ૧૬૧ હેઠળ કરવામાં આવેલ સુધારાઓને પગલે હવે સહકારી બેંકોના મુખ્ય વહીવટી અધિકારીઓને લેણાંની વસુલાત માટે વિશાળ ભાગરૂપે બેંકની તરફેણમાં એવોર્ડ / ફીકસ મળેલ હોય તો તેવા કિસ્સાઓમાં બાકીદાર વ્યક્તિ / મંડળીઓની મિલ્કતોની અવલ જપ્તી / વેચાણ થી વસુલ કરવા સત્વરે કાર્યવાહી કરવાની રહે છે.

ઉપરોક્ત તમામ વિગતોને દયાનમાં રાખી આપની બેંકમાં હુકમનામાં મેળવેલા મુદતવીતિ લેણા વસુલ લેવા સ્પે. રીકવરી ઓફીસરના (વસુલાત અધિકારી) તથા સેલ ઓફિસર (વેચાણ અધિકારી) ની જરૂરીયાત હોય તો સામેલ નમુના મુજબનો ઠરાવ આપની બેંકની બોર્ડ ઓફ ડાંયરેક્ટર્સની મીટીંગમાં કરી અત્રે રજુ કરવા જણાવવામાં આવે છે. આ ઠરાવની સાથે બેંકે પોતાની બેંકમાં કેટલા હુકમનામા નિકાલ થયા વગરના પડતર છે તેનું વિગતવાર સ્ટેટમેન્ટ મોકલવાનું રહેશે. પડતર હુકમનામા તથા બેંકની કામગીરીને દયાનમાં રાખીને એકથી વધુ રીકવરી ઓફિસરની માંગણી થઇ શકશે જેના ઉપર ફેડરેશન ખરેખર જરૂરીયાતને દયાનમાં રાખીને નિમણુંકનો હુકમ કરશે.

આપનો વિશ્વાસુ,

સેક્રેટરી

ઠરાવ

રાજય સરકાર દ્વારા ગુજરાત રાજયનાં ગેઝેટ દ્વારા થયેલ (૧) ઓર્ડર નં. GHKH : ૮૦-૨૦૦૨-NSB-૩૮૭૫-CH (૧) તા. ૭/૧૦/૦૨ (૨) નોટીફીકેશન નં. GHKH-૮૦-૨૦૦૨-NSB-૩૮૭૫-CH (૨) તા. ૭/૧૦/૦૨ (૩) નોટીફીકેશન નં. GHKH-૮૦-૨૦૦૨-NSB-૩૮૭૫-CH (૨) તા. ૭/૧૦/૦૨ થી ગુજરાત રાજયનાં સહકારી કાયદા ૧૯૬ ની કલમ ૯૫, ૧૫૯, અને ૧૬૧ થી સહકારી મંડળીઓનાં રજીસ્ટ્રારને મળેલ સત્તાઓમાં હસ્તાંતર તથા તે અન્વયે સહકારી બેંકોમાં ગુજરાત રાજયના સહકારી કાયદાની ૧૯૬૧ ની કલમ ૧૫૯ નિયમ ૯૬ થી ૧૩૪ હેઠળ વસુલાતનાં કાર્ય માટે 'વસુલાત અધિકારી' તથા 'વેચાણ અધિકારી' ની નિમણુંક કરવા માટે ગુજરાત અર્બન કો-ઓપ. બેન્કસ ફેડરેશન નો તા.................... નો પરિપત્ર નં. ........................................... અત્રે વંચાણે લીધેલ છે, હાલમાં આપણી બેંકમાં મુદવીતી લેણા વસુલ લેવા ................ હુકમનામા પડતર છે અને હજુ પણ કોર્ટમાંથી હુકમનાંમા મળનાર છે. આ હુકમનામાં અન્વયે ગુજરાત રાજય સહકારી કાયદા ૧૯૬૧ ની કલમ ૧૫૯ નિયમ-૯૬ થી ૧૩૩ મુજબ વસુલાત મેળવવા ........ સ્પે. રીકવરી ઓફિસર (વસુલાત અધિકારી) તથા - સેલ ઓફિસર (વેચાણ અધિકારી) ની જરૂરીયાત છે.

આપણી બેંકમાં શ્રી ............................................ તથા શ્રી .............. ........................ સહકારી કાયદા, બેંકીંગની કામગીરી તથા વસુલાતની કામગીરીથી માહિતગાર એવા સક્ષમ અધિકારીઓ છે તેથી આ બંન્ને અધિકારીઓને* અનુક્રમે સ્પે. રીકવરી ઓફિસર (વસુલાત અધિકારી) તથા સેલ ઓફિસર (વેચાણ અધિકારી) તરીકે નિમણુંક આપવા માટે ગુજરાત અર્બન કો-ઓપ. બેન્કસ ફેડરેશનને વિનંતી કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

---

* નોંધ :
આપની બેંકના પડતર હુકમનામા તથા કામગીરીને અનુલક્ષીને એક કરતાં વધુ (બે કે ત્રણ) અધિકારીઓ નીમવા જરૂરી જણાય તો તેમ કરી આ ઠરાવમાં તેમનાં નામોની જાણ કરશો.